

વિબ્ગ્યોર સ્કુલમાં યોજાયેલ 'ઝુમ્બા એન્ડ ન્યુટ્રિશન' ટોકમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હાલ સ્ટ્રેસફુલ અને હેક્ટિક લાઈફને જોતાં, સેશનનો હેતુ આરોગ્ય અને તંદુરસ્તી વિશે જાગૃતિ ફેલાવવાનો અને તંદુરસ્ત અને ફિટલાઈફ તરફ ધ્યાન દોરવા માટે પરિવારોને પ્રેરણા આપવાનો હતો.

# ગુજરાતના ૧૩ જળાશયો હાઈ એલર્ટ ૫ ડેમ માટે એલર્ટ અપાયું

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૧૮

ગુજરાતના પુર નિયંત્રણ એકમ, ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન વ્યાપક વરસાદના કારણે રાજયના ૧૩ જળાશયો હાઈએલર્ટ, ૦૫ જળાશયો એલર્ટ તેમજ ૧૨ જળાશયો માટે ચેતવણી આપવામાં આવી છે.

રાજયની જીવાદોરી સમાન સરદાર સરોવર (નર્મદા ડેમ) ૧૧૧,૨૪ મીટરની સપાટીએ પહોંચ્યો છે. આ સાથે સરદાર સરોવર ડેમ ૩૯.૭૯ ટકા જેટલો ભરાયો છે. રાજયના જે જળાશયો સંપૂર્ણ ભરાયા છે. તેમાં નવસારી જિલ્લાનું ઝુજ, અમરેલીનું વાડીયા, જામનગરનું પુના, ભાવનગરનું રોજકી અને બાગડ, ગિર સોમનાથનું મચ્છુન્દ્રી, જામનગરનુ ઉન્ડ-૩, નવસારીનું કેલીયા, અને તાપીનું દોસવાડા જળાશય સંપૂર્ણ તેમજ રાજકોટનું મોતીસર, ભરૂચનું ધોલી, જુનાગઢનું અંબાજલ, તેમજ ગીર-સોમનાથનું હિરણ-૨ જળાશય ૯૦ ટકાથી વધુ ભરાતા કુલ ૧૩ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ગીર-સોમનાથ જિલ્લાનું રાવલ, શિંગોડા રાજકોટનું ભાદર-૨, જુનાગઢનું ઓઝત-૨, મધુવંતી મળી કુલ ૦૫ જળાશયો હોઈ એલર્ટ જાહેર કરાયા છે. જયારે અન્ય ૧૨ ડેમો માટે ચેતવણી આપવામાં આવી છે. ધ પોસ્ટ ગુજરાતના ૧૨ જળાશયો હાઈ એલર્ટ: ૫ ડેમ માટે એલર્ટ અપાયું.

## સૂત્રપાડાનું માધવરાય મંદિર સાતમી વાર પાણીમાં ડુબ્યું

# સૌરાષ્ટ્ર-દ. ગુજરાતમાં વરસાદથી ભારે તારાજી ખંભાળીયા ૧૬, માણાવદર ૧૧ અને વાંસદામાં ૧૦ ઈંચ

જુનાગઢ-ઉના,તા.૧૮

રાજયમાં વરસાદી માહૌલ વચ્ચે વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તેનું જોર યથાવત રાખીને ૫૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકામાં ૪૧૨ મી.મી. એટલે કે સાડા સોળ ઈંચ જેટલો, જૂનાગઢ જિલ્લાના માણાવદરમાં ૨૮૩ મી.મી. એટલે કે અગિયાર ઈંચથી વધુ અને નવસારી જિલ્લાના વાંસદામાં ૨૪૫ મી.મી. એટલે કે દશ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા.૧૮/૦૭/૨૦૧૮ને સવારે ૭-૦૦ કલાક દરમિયાન વઘઇ તાલુકામાં ૨૧૪ મી.મી. માંગરોળમાં ૨૧૦ મી.મી. મળી કુલ બે તાલુકામાં આઠ ઈંચથી વધુ, રાણાવાવ તાલુકામાં ૧૯૪ મી.મી., માળીયામાં ૧૯૧ મી.મી. મળી કુલ બે તાલુકામાં સાત ઈંચથી વધુ, લાલપુરમાં ૧૫૬ મી.મી., કેશોદ અને વંથલીમાં ૧૫૫ મી.મી., ગણદેવીમાં ૧૫૩ મી.મી. મળી કુલ ચાર તાલુકામાં છ ઈંચથી વધુ, જામજોધપુરમાં ૧૪૭ મી.મી. કુતિયાણામાં ૧૪૬ મી.મી., ઉના-ડોલવણ અને ચીખલીમાં ૧૩૪ મી.મી., ગીરગઢડામાં ૧૨૮ મી.મી. મળી કુલ છ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત રાજયના કોડીનાર તાલુકામાં ૧૦૫ મી.મી. એટલે કે ચાર ઈંચથી વધુ, સુત્રાપાડા અને જાફરાબાદમાં ૯૮ મી.મી., ખેરગામમાં ૯૭ મી.મી. જામનગરમાં ૯૧ મી.મી., માંડવી અને સુબીરમાં ૮૫ મી.મી., કપરાડામાં ૮૩ મી.મી., વલસાડમાં ૭૭ મી.મી. મળી કુલ ૮ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ, જૂનાગઢ અને જૂનાગઢ શહેરમાં ૭૨ મી.મી., ડાંગમાં ૭૦ મી.મી., કાલાવડમાં ૫૯ મી.મી., દ્વારકામાં ૫૭ મી.મી., ધરમપુરમાં ૫૪ મી.મી., ઉમરગામમમાં ૫૨ મી.મી. મળી કુલ સાત તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને અન્ય ૧૭ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ હોવાના અહેવાલો છે.

જુનાગઢ જીલ્લામાં વરસાદે ભારે તારાજી છે. મેઘરાજાએ કેશોદ પંથકને ધમરોળવાનું યથાવત નાખ્યું હતું. જીલ્લાના સુત્રાપાડામાં છેલ્લા ૧૦ દિવસથી વરસી રહેલા વરસાદના કારણે ભુવાટીંબી ગામ બેટમાં ફેરવાયું છે. માધવરાય મંદિર સાતમી વખત પાણીમાં ડૂબ્યું છે.

ગીરસોમનાથ, જૂનાગઢ, પોરબંદર, જામનગર, અમરેલી, ભાવનગરમાં મંગળવારે મુશળધાર વરસાદ પડ્યો હતો. જેથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. બુધવારે પણ સવારથી રાજકોટમાં ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે અને એક ઈંચ નોંધાયો છે. ઉનાના લેરકા ગામમાં પાંચ ઈંચ વરસાદ પડતા સંપર્ક વિહોણુ બન્યું છે. અમરેલીના જાફરાબાદમાં ૨ ઈંચથી વધુ, ખાંભામાં પોણા બે ઈંચ અને સાવરકુંડલામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ઊનામાં થોડા વિરામ બાદ વરસાદ ફરીથી પોતાની ઈનિંગ શરૂ કરી છે. ઉનામાં થોડા વિરામ બાદ ફરી વરસાદ શરૂ થતા ફરી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં છે. અમરેલીના ખાંભામાં રાયડી ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યાં છે.

# જિલ્લાની આંગણવાડીઓમાં કીચન ગાર્ડન્સ બનાવવા કલેકટરનો અનુરોધ

વડોદરા, ૧૮

જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે મંગળવારે મળેલી આરોગ્ય વિષયક બેઠકમાં એપ્રિલથી જુલાઇ સુધીમાં જિલ્લામાં સગર્ભાવસ્થા અને પ્રસુતિ દરમિયાન થયેલા સાત માતા મરણની ઘટનાઓની તલસ્પર્શી માહિતી મેળવી હતી તથા સંબંધિત તબીબી અધિકારીઓ પાસેથી તેના કારણોની જાણકારી મેળવી હતી.

તેમણે સગર્ભા અને પ્રસુતા માતાઓની તમામસ્તરે જરૂરી તમામ કાળજી લઈને માતા મરણની સંભાવનાઓ શક્ય તેટલી ઘટાડવા સૂચના આપી હતી. તેમણે સંકલિત બાળ વિકાસ યોજના દ્વારા સગર્ભાવસ્થા દરમિયાન તંદુરસ્તીની જાળવણી સરળ બને તે માટે રોજીંદા જીવનમાં લેવા યોગ્ય આહારો અને તકેદારીપૂર્ણ ખાનપાનની માર્ગદર્શિકા પ્રકાશિત કરીને આંગણવાડીઓ દ્વારા સુલભ બનાવવા સૂચના આપી હતી. આ ઉપરાંત સગર્ભાવસ્થામાં માતાના વજનમાં સરેરાશ વધારો થાય છે કે કેમ તેના પર નજર રાખવા જણાવ્યું હતું. કલેકટરશ્રીએ નોંધાયેલી સગર્ભા માતાઓની સોનોગ્રાફી થઇ શકે એવી વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યું હતું અને બે બાળક વચ્ચે ઓછામાં ઓછું ૩ વર્ષનું અંતર રહે તો માતા મરણ દર ઘટે છે એની સમજાવટ કરવા જણાવ્યું હતું.

તેમણે આંગણવાડીઓમાં બાળકોને તાજા શાકભાજી આપી શકાય તે માટે જે આંગણવાડીઓમાં જગ્યા ઉપલબ્ધ છે ત્યાં શાકવાડીઓ (કીચન ગાર્ડન્સ) નું વાવેતર કરવા અને નરેગાની જોગવાઇની મદદથી સંરક્ષણ વાડો બનાવવા અનુરોધ કર્યો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય તિલાવટે જણાવ્યું કે, જિલ્લામાં પ્રત્યકે સગર્ભા-પ્રસુતા માતા મરણની ઘટનાઓની ત્રિમાસિક છણાવટ કરવામાં આવે છે અને કારણો જાણીને સગર્ભાઓની વધુ કાળજી લેવાના પગલાં લેવામાં આવે છે.

# વરસાદી સરવૈયું : કુલ ૩૨ મોત, ૪૦૨૦ રેસ્કયુ, રાજયનો કુલ વરસાદ ૪૪ ટકા

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૧૮

મહેસુલપ્રધાન કૌશિકભાઈ પટેલે આજે રાજયમાં થયેલ વરસાદના પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત-બચાવની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. જે સત્વરે પૂર્ણ કરાશે. વરસાદી પાણી ઓસરે ત્યાં ખેડૂતોના પાકને થયેલ નૂકસાનના સર્વે તેમ જ અસરગ્રસ્તોને મળવાપાત્ર સહાય સત્વરે ચુકવવા જિલ્લા કલેકટરોને સૂચના આપી દેવાઈ છે.સમગ્ર ગુજરાતમાં ચાલુ મોસમનો સરેરાશ વરસાદ ૪૪ ટકા જેટલો થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ જિલ્લાના ૧૪૦ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ થયો છે. ગીર-સોમનાથ જુનાગઢ અમરેલી, વલસાડ, નવસારી અને ડાંગમાં વરસાદની તીવ્રતા વધુ હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં વરસાદની પરિસ્થિતિ અંગે સતત ચિંતા કરતા હોય છે અને મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી પાસે પરિસ્થિતિ વિશે જાણકારી મેળવે છે. રાજયમાં રાહત-બચાવની કામગીરીમાં ઝડપ લાવવા વિસ્તારોની મુલાકાત લઈ તંત્રને રાહત બચાવની કામગીરી માટે ૨૦ એન.ડી.આર.એફ.ની ટીમો કાર્યરત છે.

જેના દ્વારા નીચાણ વાળા વિસ્તારોમાંથી ૪,૦૨૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતરણ કરાયું છે. કૌશિક પટેલે કહયું કે, વરસાદી પાણી ઓસરે ત્યાં આરોગ્યની સેવાઓ સત્વરે પૂરી પાડવા માટે પણ જરૂરી સૂચનાઓ અપાઈ છે. સાથે સાથે ખેડૂતોના પાકને નૂકસાન થયું હોય તો તેનો પણ સર્વે યુધ્ધના ધોરણે હાથ ધરાશે. ઉપરાંત વરસાદથી અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ, ઘરવખરી સહાય અપાશે.

## કચ્છમાં મેઘરાજાએ મહેર કરી : દેશલપરમાં ૫ ઈંચ વરસાદ ખાબકયો

ભુજ,તા.૧૮

ઘણી રાહ જોવડાવ્યા બાદ કચ્છમાં મેઘરાજાએ પધરામણી કરી છે. મંગળવારે સાંજ પછી સમગ્ર કચ્છમાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. છેલ્લા બે દિવસથી ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણ વચ્ચે વરસાદ પડતાં જજ઼ લોકો ને ટાઢક નો અનુભવ થયો છે. તો, ધરતીપુત્રોમાં અને પશુપાલકોમાં ખુશીનો માહોલ છવાયો છે.મળતી માહિતી અનુસાર સૌથી વધુ વરસાદ માંડવીમાં સવા ત્રણ ઈંચ, પૂર્વ કચ્છના વાગડના રાપર, ભચાઉમાં પોણો થી એક ઈંચ, ગાંધીધામમાં સવા ઈંચ, ભુજ દોઢ ઈંચ, ભુજની પટેલ ચોવીસીમાં પણ સારો વરસાદ પડ્યો હતો, ખાસ કરીને ભુજના દેશલપર ગામે ધોધમાર પાંચ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબકયો હતો. અંજાર, નખત્રાણા, દયાપર, નારાયણસરોવરમાં પોણો ઈંચ, નિરોણા, સફેદરણ, ખાવડા પંથકમાં એક ઈંચ, લખપતમાં અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. માંડવી શહેરમાં ધમાકેદાર વરસાદને પગલે ઠેર ઠેર પાણી ભરાયા હતા. જો કે માત્ર દોઢ ઈંચ વરસાદ દરમ્યાન ભુજના અનેક નીચાણ વાળા વિસ્તારમા પાણી ભરાયા હતા. લાંબા સમયથી વરસાદની રાહ જોતા કચ્છી માડુઓ માટે સારા સમાચાર એ છે કે, વરસાદી માહોલ છે.

# યુવતીને ધાક ધમકી આપી ગુજાર્યો બળાત્કાર : ગર્ભવતી બનતા થઈ ફરિયાદ

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૧૮

ખેરાલુ તાલુકા ડાવોલ ગામની યુવતીને ધાકધમકી આપીને દબાણવશ કરીને વકીલ પાસે લઈ જઈને લગ્નના કાગળ ઉપર સહીઓ લઈને સાડા ત્રણ માસ જેટલો સમય આરોપીએ પોતાના ઘર ગોંધી રાખીને તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર શારીરિક સંબંધો બાધીને યુવતીને ગર્ભવતી કરી હોવાની ફરિયાદ યુવતીએ ખેરાલુ પોલીસ સ્ટેશને નોંધાવી હતી.

પોલીસ ફરિયાદ પ્રમાણે ખેરાલુ તાલુકાન ડાવોલ ગામની યુવતી પાલનપુર ખાતે દવા લેવા જતી હતી. ત્યારે ચૌધરી શાંતિભાઈ રામાભાઈ રહે. ભૂતેડી તા,પાલનપુર પણ ત્યાં દવા લેવા આવતો હતો. ત્યારે તેની સાથે ઓળખાણ થતાં યુવતીને શાંતિ વારંવાર ફોન કરીને કહેતો હતો કે હતું તને પ્રમે કરુ છુ. અને મારી સાથે ચાલ કહીને પરેશાન કરતો હતો.

યુવતી આજથી સાડા ત્રણ માસ અગાઉ પાલનપુર દવા લેવા ગઈ હતી. ત્યારે શાંતિ નામનો યુવક તેને પોતાની મોટરસાયકલ ઉપર બેસાડીને તેના ખેતરે લઈ ગયો હતો. અને તેની મરજી વિરૂધ્ધ સંભોગ કર્યો હતો. ત્યારબાદ વકીલ પાસે લઈ જઈને કાળગો ઉપર સહીઓ લઈ લીધી હતી. અને ભૂતેડી ખાતે તેના ખેતરના મકાનમાં લઈ જઈને યુવતીને ગોંધી રાખીને તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર શારીરિક સંબધો બાંધ્યા હતા.

જેના કારણે યુવતીનો બે માસનો ગર્ભ રહી ચુકયો હતો. યુવતી સાડા ત્રણ માસ બાદ યેનકેન પ્રકારે શાંતિના ઘરેથી ભાગી છૂટી હતી. અને પોતાના ઘરે આવીને માતા-પિતાને સઘળી હકીકતની જાણ કરી હતી.

અને ખેરાલુ પોલીસ દફ્થરે શાંતિભાઈ રામાભાઈ ચૌધરી રહે. ભુતેડી તા.પાલનપુર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# વરસાદી પાણી ઓસર્યા પછી રાજયમાં ખેતીની નુકશાનીનો સર્વે હાથ ધરાશે : મહેસૂલ મંત્રી

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં ભારે વરસાદને પગલે વરસાદની પરિસ્થિતિ અંગે મહેસૂલમંત્રી કૌશિક પટેલે અગત્યની માહિતી આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે રાજ્યભરમાં સીઝનનો ૪૪ ટકા વરસાદ પડ્યો છે. ૨૫૧ તાલુકામાં ૨ ઈંચથી ૧૦૦૦ મીમી સુધીનો વરસાદ આવ્યો છે. ૨૦ તાલુકામાં ૨ ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના ૩, દ.ગુજરાતના ૩ – ૪ જિલ્લામાં વરસાદની તીવ્રતા વધુ છે. વડાપ્રધાન અંગે તેમણે જણાવ્યું હતુ કે પીએમ મોદી પણ ગુજરાતમાં વરસાદની ચિંતા કરી રહ્યાં છે. રાજયભરમાં ૨૦ એનડીઆરએફની ટીમ કાર્યરત છે.

ગુજરાત સરકારના મહેસૂલ મંત્રી કૌશિક પટેલે આજે રાજ્યમાં થયેલા વરસાદની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત-બચાવની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જે સત્વરે પૂર્ણ કરાશે. વરસાદી પાણી ઓસરે ત્યાં ખેડૂતોના પાકને થયેલ નુકશાનના સરવે તેમજ અસરગ્રસ્તોને મળવાપાત્ર સહાય સત્વરે ચૂકવવા જિલ્લા કલેકટરોને સૂચના આપી દેવાઇ છે.

નીચાણવાળા ભાગમાંથી અત્યાર સુધી ૪૦૨૦ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. એનડીઆરએફ દ્વારા ૫૯૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. જ્યાં પાણી ઉતરી રહ્યું છે ત્યાં રોગચાળો ફાટી ના નીકળે તેનું મોનીટરીંગ કરાઇ રહ્યું છે. ખેતીમાં નુકસાન અંગે સર્વે સહિતની કામગીરી પણ હાથ ધરાશે. તેમજ ઘરને નુકસાન હશે તો તેની સહાય પણ આપવામાં આવશે. વધુમાં કૌશિક પટેલે જણાવ્યું હતુ કે પશુ મૃત્યુમાં પણ સહાય ચૂકવવામાં આવશે.રાજયમાં જે જળાશયો સંપૂર્ણ ભરાઇ ગયા છે તેમાં નવસારી જિલ્લાના ઝૂંજ, અમરેલીના વડિયા, જામનગરના પુના, ભાવનગરનાં રોજકી અને બગડ, ગીર-સોમનાથના મચ્છુન્દ્રી, જામનગરનાં ઉન્ડ-૩, નવસારીનાં કેલીયા અને તાપીનાં દોસવાડા જળાશય સંપૂર્ણ ભરાઇ ગયા છે.ગીર-સોમનાથ જિલ્લાના રાવલ, શિંગોડા ડેમ, તથા રાજકોટના ભાદર-૨, જૂનાગઢના ઓઝત-૨, મધુવંતી એમ કૂલ પાંચ જળાશયોને હાઇ એલર્ટ જાહેર કરાયા છે.રાજયના તમામ જળાશયોનો કુલ જથ્થો ગણીએ તો, હાલની સ્થિતિએ ગુજરાતના તમામ જળાશયોનો સરેરાશ જથ્થો ૩૪.૪૧ ટકા છે. એટલે કે, ગુજરાતમાં તમામ જળાશયો (નર્મદા ડેમ સહિત)ની કુલ સંગ્રહ ક્ષમતાની સામે આ જળાશયોમાં ૩૪.૪૨ ટકા ભરેલા (પાણીનો જથ્થો) છે.અતિભાર વરસાદની સ્થિતિમાં કચ્છની સ્થિતિ આજની તારીખે ખરાબ છે. કેમ કે, કચ્છ જિલ્લાના જળાશયોમાં હવે માત્ર ૪.૪૨ ટકા પાણીનો જથ્થો જ બચ્યો છે અને નોંધપાત્ર વરસાદ હજુ કચ્છમાં પડયો નથી.સૌરાષ્ટ્રની તમામ જળાશયોમાં હાલની સ્થિતિએ ૩૭ ટકા પાણીનો જથ્થો છે અને આમાં વધારો થઇ રહ્યો છે. ગીર-સોમનાથ જિલ્લાના જળાશયો ૮૫ ટકા જેટલા ભરાઇ ગયા છે.

## લાલબાગ એસ.આર.પી.ગ્રુપ-૧ના જવાનનું બિમારીમાં મોત

વડોદરા, તા.૧૮

લાલબાગ એસર.આર.પી ગ્રુપ નં.૧માં ફરજ બજાવતા એસઆરપી જવાનનું કીડની સહિત મલ્ટીપલ ડીસીઝને કારણે તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું વિપીનભાઈ કનુભાઈ બારીયા (ઉ.વ.૪૨) લાલબાગ એસઆરપી ગ્રુપ-૧માં જવાન તરીકે નોકરી કરતા હતા. દરમ્યાન તેઓની કીડની સહિત અન્ય બિમારીઓ લાગુ થઈ હતી તેમના દર્દોની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલુ રહતી. પરંતુ સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. તેમના મોત બાદ નવાપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ.નંબર | વિભાગનું નામ | કામનીસંખ્યા | અંદાજીત રકમ ₹ |
|---|---|---|---|---|
| ૧ | ૩૧૯/૧૮-૧૯ | પાણી પુરવઠા | ૦૧ | ૩૩,૫૧,૫૫૨/- |
| ૨ | ૩૨૨/૧૮-૧૯ | સેન્ટ્રલ સ્ટોર | ૦૧ | ૨૨,૯૨,૪૯૦/- |
| ૩ | ૩૨૩/૧૮-૧૯ | સેન્ટ્રલ વર્કશોપ | ૦૧ | ૯૦,૪૬૯/- |
| ૪ | ૩૨૪/૧૮-૧૯ | મિકેનિકલ શાખા | ૦૧ | ૪,૭૫,૦૦,૦૦૦/- |
| ૫ | ૩૨૫/૧૮-૧૯ | ઉત્તર ઝોન | ૨૧ | ૨૭,૧૯,૩૪૮/- |

નોંધ: અ.નં. ૧, ૨ અને ૪ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી/ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. સંપૂર્ણ વિગતોએ ભરેલા ટેન્ડર પરત મોકલવાની નિયત તારીખે અને સમયે રેકર્ડ શાખા, રૂમ નં.૧૨૭/૨ ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦૨૦૯ ને મોકલી શકાશે. કોઇપણ ભાવપત્ર મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં. ૩૨૬/૨૦૧૮-૧૯ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



INEOS STYROLUTION

Driving Success. Together.

**ઇનીઓસ સ્ટાયરોલ્યુશન ઇન્ડિયા લિમિટેડ**

CIN: L25200GJ1973PLC002436

રજીસ્ટર્ડ ઓફિસ : ૬ઠ્ઠો માળ, એબીએસ ટાવર્સ, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭.

ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૦૨ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૩

E mail : INSTY.secshare@ineos.com Website : www.ineosstyrolutionindia.com

**૪૫મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ તથા ઇ-વોટીંગની માહિતી અને બુક કલોઝર**

આથી નોટીસ આપવામાં આવે છે કે :

૧. કંપનીની ૪૫મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરૂવાર તા. ૦૯મી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ સવારના ૧૧.૩૦ કલાકે 'ચંદરવા હૉલ', વેલકમ હોટલ, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭ (ગુજરાત) ખાતે યોજાશે.

૨. ધી કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની કલમ ૯૧ ની જોગવાઈઓને અનુલક્ષીને તથા સિક્યુરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેંટસ), રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ના અન્વયે કંપનીનું રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુકસ કંપનીના ડિવિડન્ડની ચૂકવણી તેમજ વાર્ષિક સાધારણ સભાના હેતુ માટે તા. ૩જી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ બંધ રહેશે.

૩. જેમના ઈમેલ સરનામાં કંપની ડિપોઝીટરી પાર્ટીસીપન્ટ(સ) પાસે નોંધાયેલા છે તેવા કંપની સભાસદોને વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનીક કોપી મોકલવામાં આવી છે. તે કંપનીની વેબસાઇટ www.ineosstyrolutionindia.com પર પણ ઉપલબ્ધ છે. અન્ય તમામ સભાસદોને વાર્ષિક અહેવાલ તેમના નોંધાયેલા સરનામે પરવાનગી અપાયેલ પદ્ધતિથી મોકલવામાં આવેલ છે.

૪. તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૮ની કટ ઓફ ડેટના રોજ ભૌતિક (ફીઝીકલ) કે ડિમટીરીયલાઇઝડ સ્વરૂપમાં કંપનીના શેર્સ ધરાવતા સભ્યો, એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબ નેશનલ સીક્યુરીટીઝ ડીપોઝીટરી લિમિટેડ ('એનએસડીએલ') ની ઈલેક્ટ્રોનીક વોટીંગ સીસ્ટમ દ્વારા એજીએમના સ્થળ સિવાયના સ્થળ પરથી કરી શકાશે.

આથી તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે :

i. એજીએમની નોટીસમાં જણાવેલી કાર્યવાહી માટે ઈલેક્ટ્રોનીક પદ્ધતિથી મતદાન થઇ શકશે;

ii. ઈ-વોટીંગનો પ્રારંભ તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ થશે. (સવારના ૯.૦૦ કલાક આઇએસટી);

iii. ઈ-વોટીંગનું સમાપન તા. ૮મી ઓગસ્ટ, ૨૦૧૮ના (સાંજના ૫.૦૦ કલાક આઇએસટી) થશે;

iv. ઈ-વોટીંગથી કે પ્રત્યક્ષ મતદાનથી મત આપવાનો અધિકાર નક્કી કરવાની કટ ઓફ ડેટ તા. ૨જી ઓગસ્ટ, ૨૦૧૮ છે;

v. એનએસડીએલ, બુધવાર, તા. ૮મી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ સાંજના ૫.૦૦ વાગે ઈ-વોટીંગ મોડયુલ્સને નિષ્ક્રીય કરી દેશે અને ત્યારબાદ ઈ-વોટીંગ કરવા દેવામાં નહીં આવે;

vi. વાર્ષિક અહેવાલની રવાનગી પછી જે કંપનીના સભાસદ બનશે અને નિર્ધારીત કટ ઓફ ડેટના રોજ કંપનીના શેર ધરાવતા હશે એવા કોઈપણ સભાસદ evoting@nsdl.co.in ને વિનંતી મોકલીને યુઝર આઇડી અને પાસવર્ડ મેળવી શકશે;

vii. જેઓએ ઈ-વોટીંગ દ્વારા મત આપી દીધો છે તેવા સભાસદો વાર્ષિક સાધારણ સભામાં ભાગ લઈ શકશે પરંતુ સભામાં ફરીથી મતદાન નહીં કરી શકે. જેમણે ઈ-વોટીંગ દ્વારા મતદાન કર્યું જ નથી એવા સભાસદોને મતપત્રક દ્વારા મતદાનની સુવિધા મીંટીંગ ખાતે ઉપલબ્ધ કરવામાં આવશે.

૫. કોઈપણ પ્રકારની પુછપરછ માટે સભાસદો www.evoting.nsdl.com ના ડાઉનલોડ સેકશનમાં ઉપલબ્ધ FAQs ફોર શેરહોલ્ર્સ અને શેરહોલ્ડર્સ માટેના ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલની મદદ લઈ શકે છે અથવા ૧૮૦૦-૨૨૨-૯૯૦ નો ટેલીફોનીક સંપર્ક કરી શકશે, અથવા નીચે સહી કરનારને ઉપરોક્ત વિગતો અનુસાર સંપર્ક કરી શકે.

બોર્ડના આદેશથી

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ**

સહી/-

**હરેશ ખીલનાની**

કંપની સેક્રેટરી, હેડ - લીગલ એન્ડ કોમ્પલાયન્સ

તારીખ : ૧૮મી જુલાઈ, ૨૦૧૮

સ્થળ : વડોદરા



VOLTAMP VADODARA THE POWER OF INDUSTRY

**વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ**

CIN: L31100GJ1967PLC001437

રજી. ઓફીસ : મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪, ગુજરાત (ઈન્ડીયા)

ફોન : +૯૧ ૨૬૫ ૨૬૪૨૦૧૧ / ૨૬૪૨૦૧૨ / ૩૦૪૧૪૮૦, ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૬૪૬૭૭૪ / ૩૦૪૧૪૯૯

ઈ-મેઈલ : voltamp@voltamptransformers.com, વેબસાઈટ : www.voltamptransformers.com

**નોટીસ**

આથી સભાસદોને સુચના આપવામાં આવે છે કે કંપનીની ૫૧મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, વીસીસીઆઇ કોમર્સીયલ કોમ્પલેક્ષ, બીજા માળે, ૭૩, જી.આઇ.ડી.સી., મકરપુરા, વડોદરા - ૩૯૦૦૧૦ ખાતે તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૮ના મંગળવારના રોજ સવારે ૧૦ :૦૦ કલાકે યોજેલ છે જેમાં ૧૦મી મે, ૨૦૧૮ની નોટીસમાં દર્શાવ્યા મુજબના કાર્યો કરવામાં

એજીએમના કાર્યો તથા સ્પષ્ટીકરણાત્મક સ્ટેટમેન્ટ ૫૧મી મીટીંગના ૨૦૧૭-૧૮ના વાર્ષિક અહેવાલ સાથે જે સભાસદોએ ઇમેલ આઇડી ડીપોઝીટીરીઝમાં/કંપનીમાં નોંધાવેલ છે તેમને ઇમેલ દ્વારા તા. ૧૬/૦૭/૨૦૧૮ના રોજ અને અન્ય સભાસદોને માન્ય માધ્યમ દ્વારા પ્રીન્ટેડ કોપી તા. ૧૮/૦૭/૨૦૧૮ ના રોજ મોકલવામાં આવેલ છે. કંપનીએ તેનો વાર્ષિક અહેવાલ તેની વેબ સાઇટ www.voltamptransformers.com પર પણ મુકેલ છે.

વધુમાં સુચના આપવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ અને લાગુ પડતા નિયમો અનુસાર તેમજ રેગ્યુલેશન ૪૨ ના સેબી (લીસ્ટીંગ ઓબલીગેસન અને ડીસક્લોસર રીક્વારમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ મુજબ સભાસદોનું રજીસ્ટર તથા કંપનીના શેર ટ્રાન્સફર બુક્સ તા. ૭મી ઓગસ્ટ, ૨૦૧૮ મંગળવાર થી તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૮ મંગળવાર સુધી (બંને દિવસ સંકલિત ) સભાસદોને ડીવીડન્ડ ચુકવણી નક્કી કરવાના હેતુસર બંધ રાખવામાં આવશે.

વધુમાં, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮, કંપની (સંચાલન અને વહિવટ) નિયમો, ૨૦૧૪, કંપનીઝ (સંચાલન અને વહિવટ) સુધારણા નિયમો, ૨૦૧૫ થી સુધારેલા અને રેગ્યુલેશન ૪૨ ના સેબી (લીસ્ટીંગ ઓબલીગેસન અને ડીસક્લોસર રીક્વારમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ મુજબ :

૧. વાર્ષિક સભાની નોટીસમાં દર્શાવેલ કાર્યો પર મતદાન ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા થઇ શકશે.

૨. રીમોટ ઇ-વોટીંગ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૮ શનિવાર ના રોજ (સવારે ૯:૦૦ કલાકે) શરૂ થઇ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૮ સોમવારના રોજ (સાંજે ૫:૦૦ કલાકે) સમાપ્ત થશે.આ સમય બાદ રીમોટ ઇ-વોટીંગ મોડ્યુલ મતદાન માટે એનએસડીએલ દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે.

૩. જે સભાસદોનું નામ કટ-ઓફ તા. ૭ ઓગસ્ટ, ૨૦૧૮ના મંગળવારના રોજ સભાસદ રજીસ્ટરમાં અથવા ડીપોઝીટરીસ દ્વારા જાળવવામાં આવેલ લાભદાયી માલિકોના રજીસ્ટરમાં હશે, તે સભાસદો રીમોટ ઇ-વોટીંગની સુવિધા મેળવવા માટે તેમજ સામાન્ય સભામાં મતદાન માટે હક્કદાર રહેશે.

૪. જે વ્યક્તિએ, કંપનીના શેર નોટીસ પોસ્ટ કર્યા પછી લીધા હોય અને કટ-ઓફ તા. ૭મી ઓગસ્ટ, ૨૦૧૮, મંગળવારના રોજ કંપનીના સભાસદ હોય, તેઓ evoting@nsdl.co.in અથવા vadodara@linkintime.co.in પર રીક્વેસ્ટ મોકલીને લોગીન આઇ ડી અને પાસવર્ડ મેળવી શકે છે.

૫. મતદાન પત્ર દ્વારા મતદાનની સુવિધા વાર્ષિક સામાન્ય સભામાં ઉપલબ્ધ કરવામાં આવશે તથા મીટીંગમાં હાજર સભાસદો પૈકી જે સભાસદોએ રીમોટ ઇ-વોટીંગ દ્વારા મતદાન ન કર્યું હોય, તેવા સભાસદો મતદાન પત્ર દ્વારા મતદાન કરી શકશે.

૬. જે સભાસદોએ પોતાનો મત ઇ-વોટીંગ દ્વારા કર્યો હોય તે સભાસદો વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકશે પરંતુ તે ફરીથી મતદાન કરી શકશે નહી.

૭. એજીએમની નોટીસ સંપૂર્ણ વાર્ષિક અહેવાલ સાથેના એનએસડીએલ ની વેબસાઇટ https://www.evoting.nsdl.com અને કંપનીની વેબસાઇટ www.voltamptransformers.com પર ઉપલબ્ધ છે.

૮. સભાસદો ઇ-વોટીંગની માહિતી એજીએમની નોટીસની નોટ નં.: ૧૩માંથી મેળવી શકે છે. અને કોઇ પુછપરછ માટે, www.evoting.nsdl.com ના ડાઉનલોડ સેક્શનમાં ઉપલબ્ધ સભાસદો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઇ-વોટીંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઇ શકે છે.

૯. ઇ-વોટીંગના સંદર્ભમાં ફરીયાદ માટે જવાબદાર વ્યક્તિની વિગત :
લીંક ઇનટાઇમ ઇન્ડીયા પ્રા. લી. (રજીસ્ટાર તથા શેર ટ્રાન્સફર એજન્ટ)
બી-૧૦૨ અને ૧૦૩. શાંગ્રીલા કોમ્પલેક્ષ, એચડીએફસી બેંક સામે,
રાધા કૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા - ૩૯૦૦૨૦
સંપર્ક વ્યક્તિ : શ્રી અલ્પેશ ગાંધી / શ્રી બ્રીજેશ મહાદિક,
મદદનીશ વાઇસ પ્રેસીડન્ટ / સીનીયર એક્ઝીક્યુટીવ,
ફોન :૦૨૬૫-૨૩૫૬૫૭૩,૨૩૫૬૭૯૪
ઇ-મેઇલ :vadodara@linkintime.co.in.

બોર્ડના હુકુમથી

**વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ**

**સંકેત રાઠોડ**

કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા

તા. ૧૮/૦૭/૨૦૧૮